SAMVAD E-JOURNAL
ISSN (Online) : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-2, January to March : 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# પોરબંદર જિલ્લામાં અને બરડા ડુંગરની હદમાં આવેલ પ્રાચીન પ્રસિદ્ધ દેવાલયો

*Mr. B. A. Madhak*

## પ્રસ્તાવના :

ઇતિહાસ નુતન સમાજના નિર્માણ માટે એક મહત્વનો વિષય છે.માનવોની સામાજિક,આર્થિક,ધાર્મિક પ્રગતિના પાયા ઇતિહાસમાં છુપાયેલા છે. ઇતિહાસના પાયા પર વર્તમાન સમાજ અને સંસ્કૃતિનું નિર્માણ થતું હોય છે.

ઉપરાંત સંસ્કૃતિનું એક મહત્વનું પાસુ ધર્મ છે. ધર્મ સમાજ પર નૈતિક નિયંત્રણ મૂકે છે. અને તે નૈતિક નિયંત્રણ માટે ધીમે-ધીમે માન્યતાઓ,શ્રદ્ધા,આસ્થા,વિશ્વાસ,રિવાજો ઉદ્ભવે છે અને સમયાંતરે તે સંસ્કૃતિ કે પરંપરાનો ભાગ બની જાય છે. આર્થિક અને સામાજિક પરિવર્તન કરતા સાંસ્કૃતિક પરિવર્તન ખૂબ જ ધીમું છે. એ આજની ધાર્મિક માન્યતા ઉપરથી કહી શકાય. દા.ત. ભારતમાં વૈદિક કાળથી લઈ વર્તમાન સમય સુધી ભારતમાં ઘણી ધાર્મિક વિચારધારાઓ અસ્તિત્વમાં આવી પરંતુ વર્તમાન હિન્દુ ધર્મ સાચા અર્થમાં વૈદિક સંસ્કૃતિનું સીધું વારસદાર છે. વૈદિકકાળ અગાઉ (ઇ.સ.પૂર્વે 2500)સિંધુ ઘાટી સભ્યતામાંથી મળેલી પશુપતિની મહોર ક્યાંકને ક્યાંક આજના દેવતા શિવ સાથે સામ્યતા ધરાવે છે. ત્યારબાદ ઋગ્વેદમાં વર્ણિત(ઇ. પૂર્વે 1500-1000) રુદ્ર (વૈદિક દેવતા) દેવ સમયાંતરે પરિવર્તન પામી આજે શિવ નામે ઓળખાય છે.

આમ , ઐતિહાસિક અને સાહિત્યિક બાબતોમાં ઉલ્લેખિત ધાર્મિક વર્ણન પરથી નવી પેઢીને સાંસ્કૃતિક માહિતી આપી,તેમનામાં જિજ્ઞાસા જગાડવી આ સંશોધનનો મુખ્ય હેતુ છે. કારણકે સાંસ્કૃતિક એકતાથી જ રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા ટકાવી શકાય. આથી બરડા ડુંગરની ગોદમાં અને મહેરામણના કિનારે આવેલ પોરબંદર જિલ્લામાં આવેલા પ્રાચીન પ્રસિદ્ધ શિવાલયો/દેવાલયોનો ઐતિહાસિક અભ્યાસ કરી તેનું આધ્યાત્મિક મહત્વ દર્શાવવા વિષય પસંદ કરેલ છે.

ટેકનોલોજીની ૨૧મી સદીમાં માનવીને પ્રગતિની ઉડાન ભરવા માટે વિજ્ઞાનરૂપી આંખની સાથે ધર્મરૂપી પાંખ ખૂબજ જરૂરી છે.

## ધર્મ એટલે શું અને તેનું મહત્વ ?

શાબ્દિક અર્થ મુજબ ધર્મ એટલે ધારણ કરવું. સાચા અર્થમાં ધર્મની વ્યાખ્યા વ્યાપક છે.નીતિ,પ્રેમ,કરુણા,આધ્યાત્મ ધારણ કરી માનવ સિવાય સમગ્ર સજીવ સૃષ્ટિનું કલ્યાણ થાય તેવો નૈતિક ભાવ.જેથી વ્યક્તિ શીલવાન અને જીવમાત્ર તરફ સમર્પિત રહે છે.

ધર્મ અને આધ્યાત્મએ બાહ્ય કરતા આંતરિક બાબત વધારે છે. ધર્મ વ્યક્તિ પર નૈતિક નિયંત્રણ મૂકે છે.નીતિ,પ્રેમ,કરુણા,આધ્યાત્મ જેવા ધાર્મિક ગુણોથી સમાજ એક સુચારુ અને યોગ્ય દિશામાં ગતિ કરે છે. સમાજમાં શાંતિ,અહિંસા,ભાઈ-ચારો,સમરસતા ફેલાવામાં નૈતિક નિયમો/ગુણો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

દરેક ધર્મ ગ્રંથોના આભ્યાસ બાદ તેવું જાણવા મળે છે.વાસ્તવમાં ધર્મગ્રંથો સામાજિક આચારસંહિતા છે.જે દરેક વ્યક્તિમાં ધર્મના નામ પર નૈતિક ગુણોનું સિંચન કરે છે.

## ધાર્મિક શિવાલય/દેવાલયોનું મહત્વ :

શિવાલય એટલે ઋગ્વેદમાં વર્ણિત દેવતા રુદ્ર અને કાલાન્તરે ઓળખાતા શિવ/મહાદેવનું પૂજા સ્થળ.જે આધ્યાત્મિક શાંતિ અને ભારતીય વૈદિક સંસ્કૃતિનું કેન્દ્ર છે.આજની ટેકનોલોજી મનની આંતરિક શાંતિ આપી શકતી નથી.આ શાંતિ અને આનંદ માટે ધર્મ તેમજ આધ્યાત્મિકતાનો સહારો લેવો પડે છે.ધર્મનો અર્થવ્યવસ્થા સાથે પ્રત્યક્ષ સંબંધ નથી.એટલે મંદિર કે ધર્મ સીધો અર્થવ્યવસ્થા સાથે જોડાયેલું નથી.પરંતુ સંસ્કૃતિનો વ્યક્તિના જીવન પર ઘણો પ્રભાવ જોવા મળે છે અને મંદિરથી ક્યાંક ને ક્યાંક ધર્મનો મૂળ ઉદ્દેશ્ય સચવાઈ જાય છે.ધર્મ દ્વારા વ્યક્તિ પર મુકાયેલ નૈતિક નિયંત્રણ વ્યક્તિને સારા માર્ગે દોરે છે.વ્યક્તિથી સમાજ બને જેથી તંદુરસ્ત સમાજનું નિર્માણ કરી શકાય.

**પોરબંદર જિલ્લામાં બરડા ડુંગરની ગોદમાં આવેલા મહત્વના શિવાલયો :**

**બિલેશ્વર મહાદેવ :**

આ પ્રાચીન મંદિરનો પોરબંદર અને જામનગર રાજવી દ્વારા દાન અર્પણ કરી મંદિરનો મહિમા વધારેલ છે લોક વાયકા અનુસાર એવું કહેવાય છે કે મુસ્લિમ સેનાએ ગામને કબ્જે કરી લીધું હતું અને શિવલિંગને તોડવાનો પ્રયત્ન કર્યો હતો, પણ શિવલિંગ જાતે જ ફાટ્યું અને તેમાંથી મધમાખીઓ નીકળી અને સેના પર હુમલો કર્યો અને કેટલાય સૈનિકો માર્યા ગયા.

બિલેશ્વરનો સંબંધ શિવ ઉપરાંત ભગવાનશ્રીકૃષ્ણ સાથે પણ જોડાયેલો છે.સત્યભામાએ કૃષ્ણને પારિજાત વૃક્ષ મેળવવા કહ્યું, જે માત્ર ઇંદ્રના બગીચામાં થતું હતું. કૃષ્ણએ નારદ મુનિને વૃક્ષ લેવા મોકલ્યા પરંતુ ઇન્દ્રે તે આપવાની ના પાડી અને પોતાની સાથે યુદ્ધ કરવા કહ્યું. કૃષ્ણ બગીચામાં ગયા અને તે લઇ લીધું. બંને વચ્ચે યુદ્ધ નક્કી જ હતું, પરંતુ સૂર્યાસ્ત થતા તેઓએ પવિત્ર ડુંગર, જે હવે બરડો ડુંગર કહેવાય છે, તેના પર આરામ કર્યો. સવાર પડતા કૃષ્ણએ ગંગાની પૂજા કરી અને ગંગા એક ગુફામાંથી ઉત્પન્ન થઇ અને કૃષ્ણે તેને બિલ-ગંગા નામ આપ્યું. કૃષ્ણએ હવે શિવની પૂજા કરી અને પ્રસન્ન થઇ કૃષ્ણને તેમની ઇચ્છાપૂર્તિ માટે કહ્યું. કૃષ્ણએ ત્યારબાદ શિવલિંગની સ્થાપના કરી તેને બિલવદકેશ્વર નામ આપ્યું, જે સમયાંતરે બિલેશ્વર બન્યું. અન્ય કથા મુજબ કૃષ્ણએ સાત મહિના સુધી શિવલિંગની પૂજા બીલીપત્રો વડે કરી તેથી આ જગ્યા બિલેશ્વર કહેવાય છે.શ્રાવણ માસ દરમિયાન અહી ભક્તોનું ઘોડાપુર આવે છે.

ખીમેશ્વર મહાદેવ મંદિર (કુછડી) :

આ મંદિર પ્રાચીન ઐતિહાસિક ધરોહાર છે.જે ભારતની ધાર્મિક સંસ્કૃતિની વહેતી અસ્ખલિત ધારાનું પ્રતિનિધિત્વ કરે છે.આ મંદિરની વિશેષતા એ કહી શકાય કે તે એક મંદિર નથી પરંતુ મંદિર સમૂહ છે. મુળ ખીમેશ્વર મહાદેવ મંદિર મૈત્રક કાળમાં એટલેકે ૫મી થી ૭મી સદી દરમિયાન બન્યું.મંદિરની બાંધણી અદ્વિતીય છે.આ મંદિર કોમ્પ્લેક્ષમાં દ્રવિડ શૈલીનું સ્થાપત્ય પણ જોવા મળે છે જે બાબત વિશેષ છે.

શિવની સાથે અન્ય દેવીના મંદિરો પણ છે.જેમ કે નવદુર્ગા,મહાકાળી,પાર્વતી અને આ મંદિર સમૂહમાં પ્રાચીન શિલ્પો,કલાકૃતિ અને વાવ પણ જોવા મળે છે.ઈ.સ.૧૮૨૩માં પોરબંદરના જેઠવા રાજવી ખીમાજીએ આ મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો હોવાથી ખીમેશ્વર નામ પડ્યું હોવાનું મનાય છે.

આ મંદિર હાલ પુરાતત્વ વિભાગ દ્વારા રક્ષીત સ્મારક છે.

જડેશ્વર મહાદેવ મંદિર :

ભાગવાન શિવના ૧૦૮ નામ માનું એક નામ જડેશ્વર.આ મંદિર શહેરની મધ્યમાં આવેલું છે.મંદિરની વિશેષતામાં અહીં ચાલતી ૪૫ મિનિટની સાંજની આરતી છે.જેમાં પરંપરાગત રીતે ભક્તોના સમૂહમાં અને મોટા નગારા અને ઘંટ દ્વારા અલૌકિક આધ્યાત્મિક વાતાવરણ ઉભું કરી દે તેવી આરતી આજે પણ મંત્રમુગ્ધ કરે છે.

આ મંદિરની બીજી વિશેષતા સામાજિક ક્ષેત્ર સાથે જોડાયેલી છે.દર શ્રાવણ માસમાં ભક્તોની ભીડ વચ્ચે અને ધર્મના નામ પર એકઠી થયેલ માનવ મેદનીમાં વિવિધ સામજિક સંસ્થાઓ દ્વારા તેમજ વિવિધ બ્લડ બેંક દ્વારા જરૂરિયાત મંદ દર્દીના લાભાર્થે બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવે છે.ઉપરાંત નિ:શુલ્ક મેડીકલ ચેક-અપ કેમ્પનું પણ આયોજન કરવમાં આવે છે.આમ આ મંદિરમાં વિજ્ઞાન અને ધર્મનો અનેરો સંગમ જોવા મળે છે.જે કાર્ય સમાજ ઉપયોગી છે.

શ્રાવણ માસ અને શિવરાત્રી દરમિયાન એક મુસ્લિમ મીર આરતી દરમિયાન શરણાઈના સૂર પૂરે છે.જે હિંદુ – મુસ્લિમ કોમી ભાઈચારો અને સામાજિક સમરસતા દર્શાવે છે.

કેદારેશ્વર મંદિર :

પોરબંદર શહેરના માણેક ચોકમાં આવેલ આ મંદિર નાગર શૈલીમાં બનેલું છે.આ મંદિરની વિશેષતા એ કહી શકાય કે અહી મંદિરના ગર્ભગૃહમાં પરંપરાગત ધોતી વગર પુરોહિત પણ પ્રવેશ કરી શકતા નથી.અને ગર્ભગૃહમાં પ્રવેશ કરવો અને ગર્ભગૃહમાં શિવલિંગની પૂજા કરવી ભક્તો માટે નિષેધ છે.લિંગને સ્પર્શ કરવા કે પૂજા કરવામાં માટે અન્ય એક શિવલિંગનું સ્થાપન મુખ્ય મંદિરની બહાર મંદિર પરિસરમાં કરવામાં આવેલ છે.બીજી વિશેષતા એ કહેવાય છે કે પોરબંદરનું આ પ્રથમ મંદિર છે.

મંદિરની વાસ્તુકલામાં દ્વારપાળની મૂર્તિ અને શિલ્પો ધ્યાનાકર્ષિત છે.આ મંદિર પણ મંદિર સમૂહ છે અન્ય ૫ મંદિર પણ આવેલા છે.

સુદામા મંદિર :

સુદામાને સમર્પિત દુનિયાનું એક માત્ર સુદામા મંદિર પોરબંદરમાં આવેલું છે.પોરબંદરમાં જન્મેલ સુદામાનો શ્રી કૃષ્ણ અને બલરામ સાથે ભેટો વર્તમાન મધ્યપ્રદેશની ભૂમિ પર સાંદિપની આશ્રમમાં થયો હતો.

હાલના મંદિરની જગ્યા પર ૧૨મી સદીમાં પ્રથમ વાર સુદામા મંદિર બન્યું હતું.પરંતુ વર્તમાન ભવ્ય મંદિર ૨૦મી સદીની શરૂઆતમાં ૧૯૦૨-૦૭ દરમિયાન પોરબંદર જેઠવા રાજવી ભાવસિંહજી દ્વારા અને સૌરાષ્ટ્ર નાટક મંડળીના કલાકારોના યોગદાન દ્વારા બનાવવામાં આવ્યું.

મંદિરના પરિસરમાં ભુલ-ભુલામણીની ભક્તો અચૂક મુલાકાત લે છે.પૂરા ભારતમાંથી સૌથી વધુ યાત્રિકો રાજસ્થાની હોય છે.તેમની યાત્રા સુદામા મંદિરના દર્શન બાદ જ પૂરી થાય તેવું માને છે.

**હરિ મંદિર**

**શ્રી હરિમંદિરની સ્થાપના પાછળનો હેતુ :**

સાંન્દીપનિ વિદ્યાનિકેતનની વૈદિક પ્રણાલીથી ભણેલો ઋષિકુમાર માત્ર 'સામાન્ય પ્રીસ્ટ' નહીં, પરંતુ 'ટ્રેઇન્ડ પ્રીસ્ટ'બની ભારતીય સંસ્કૃતિના ધાર્મિક વિચારો,ખ્યાલો દેશ-વિદેશમાં ફેલાવે અને જે સારા 'પ્રીચર'ની સાથે સારા 'ટીચર' પણ હોય. તે હેતુસર મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું. શિક્ષણ કાર્ય પૂર્ણ થયા બાદ ઋષિકુમાર શ્રી હરિમન્દિરમાં રહી બે વર્ષ રહી યોગ્ય તાલીમ પ્રાપ્ત કરે છે.ત્યારબાદ ભારતીય સંસ્કૃતિના પ્રચાર અર્થે દેશ-વિદેશમાં આવેલા મંદિરોમાં સેવા આપે છે.ત્યાં પૂજારીની સાથે ઉત્તમ શિક્ષકની પણ ભૂમિકા અદા કરે છે.

**શ્રી હરિમંદિરની શિલાન્યાસ વિધિ :**

૨ ફેબ્રુ થી ૪ ફેબ્રુઆરી ઈ.સ.૨૦૦૬માં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો.ત્યારબાદ મૂર્તિ પ્રતિષ્ઠા સમયે ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિશ્રી ડો.એ.પી.જે.અબ્દુલ કલામ,ઉપરાષ્ટ્રપતિ શ્રી ભૈરોસિંહ શેખાવત ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ હાજરી આપી હતી.ઉપરાંત ઘણા ધર્મગુરુઓ,ઉદ્યોગપતિઓ અને મહારથીઓ હાજર રહી આનંદના ભાગીદાર બન્યા હતા.

**શ્રી હરિમંદિરની સંરચના અને મંદિરની વિશેષતા :**

શુદ્ધ નાગરશૈલીમાં લંબચોરસ આકારમાં બનેલું શ્રી હરિમંદિર બે માળ,પાંચ શિખર,૬૬ સ્તંભો,***બે હજાર લોકો એકી સાથે ઉભા રહી શકે તેવો વિશાળ ગૂઢમંડપ(સભાખંડ) જેની વિશેષતા એ કહી શકાય કે આ મંડપમાં વચ્ચે એકપણ ઉભો બીમ નથી.***મંદિર પરિસરમાં મુખ્ય એક સાથે પાંચ દેવતાઓ-લક્ષ્મીનારાયણ,રાધા-કૃષ્ણ,સીતારામ,શિવજી,માતૃશક્તિ તરીકે માં આંબાનું સ્થાપન થયું છે.ઉપરાંત

કુલ ૧૩૬ દેવી-દેવતાની કલાત્મક મૂર્તિ કંડોરાયેલી છે.મદિરનું કુલ ક્ષેત્રફળ ૨૭૫*૧૮૬*૧૦૫ ફૂટ લાંબુ,પહોળું અને ઊંચું છે.નીચેના માળે ગ્રીન રૂમ,સાઉન્ડરૂમ તેમજ કલાત્મક રંગમંચ આવેલો છે.

સંદર્ભ સૂચી :

(૧) પોરબંદરનો ઈતિહાસ : નરોત્તમભાઈ પલાણ

(૨) A Study of Temple : નિરંજન ભગત

(૩) દેવસ્થાન રહસ્ય :જેઠાલાલ ત્રિવેદી


SAMVAD E – JOURNAL (Online) ISSN NO. 2583-8334
(International Peer-Reviewed Refereed Journal) Volume-3, Issue-2, January to March : 2025